| GJBK010008762026 | | દાખલ તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | સત્યमेव जयते | રજીસ્ટર્ડ તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૦૪ |

---

**પાલનપુરના મહે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું.પાલનપુર.**

---

**ક્રિ.પર.અ.નં.૨૫૮/૨૦૨૬**
**આંક :–**

કિશોરભાઈ મીરસીલાલ ગૌર (બ્રાહમણ),
ઉ.વ.આ.૬૧, વ્યવસાય–નિવૃત્ત,
રહે.૧૩, ટેલીફોન સોસાયટી,
બનાસ આઈસ ફેકટરી સામે, આકેસણ રોડ,
મુ.તા.પાલનપુર, જિલ્લો–બનાસકાંઠા. **....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર
જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદાર તર્ફે વિ.વ.શ્રી એસ.વી.ચૌધરી.
શ્રી સરકાર તર્ફે એડી.પી.પી. શ્રી જે.એસ.પટેલ.

---

**બાબત :–** બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ વચગાળાની કસ્ટડીએ પરત મેળવવા બાબત...

---

**-//ચૂકાદો//-**

(૧) આ કેસમાં અરજદારે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૧૯૫૦૧૦૨૫૧૦૬૯/૨૦૨૫, બી.એન.એસ. એકટની કલમ -૬૪(૧), ૭૯ તથા ૩૫૧(૩) મુજબના ગુનાના કામે ત.ક.અ.શ્રી ધ્વારા મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન મહિન્દ્રા કંપનીની સલુન ગાડી જેનો આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન નં.**GJ-08-F-6585** છે, જેનો ચેચીસ નં.**985960** તથા એન્જીન નં.**1185887** છે. જે સને-૨૦૦૭નુ મોડેલ છે, તે વચગાળાની કસ્ટડીએ પરત મેળવવા માટે બી.એન.એસ.એસ. ની કલમ-૪૯૭ અન્વયે તેમણે હાલની અરજી રજુ કરેલી છે.

(૨) આ કેસમાં અરજદાર તરફથી તેમની બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ મુજબની હાલની પ્રસ્તૃત અરજી કરતા, સમાવાળાને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલો હતો. જે અન્વયે સામાવાળા શ્રી સરકાર તરફથી વિ.એ.પી.પી.શ્રી જે.એસ.પટેલ આ કામે હાજર થયેલા છે.

(૩) આ કેસમાં અરજદાર તરફથી તેમની મુદ્દામાલ વાહન પરત મેળવવાની માંગણી કરતી હાલની પ્રસ્તુત અરજીના સમર્થનમાં આંક-૪ના દસ્તાવેજી લીસ્ટથી નિશાની-૪/૧થી ૪/૫ તળે દસ્તાવેજી આધારો રજુ કરેલ છે.

(૪) ત્યારબાદ આ કેસમાં ત.ક.અ.શ્રીનો અભિપ્રાય આપતો લેખિત રીપોર્ટ સામાવાળા તરફથી આંક-૬ થી રજુ કરવામાં આવેલો છે.

(૫) ત્યારબાદ આ કેસમાં અરજદાર તરફથી તેમના વિ.વ.શ્રીની માખિક દલીલો સાંભળવામાં આવેલી છે તથા સામાવાળા સરકારશ્રી તરફથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) આ કેસમાં અરજદારના વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલો અરજદારની મુદ્દામાલ વાહન પરત મેળવવાની આંક–૧ની અરજીમાં જણાવેલી હકીકતો પ્રમાણે કરીને તથા નિશાની–૪/૧ થી ૪/૫ તળેના રજુ કરેલ દસ્તાવેજી આધારો તરફ અત્રેની કોર્ટનું ધ્યાન દોરીને અરજદારની મુદ્દામાલ વાહન પરત મેળવવાની બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબની હાલની આંક–૧ની અરજી મંજુર કરવા માટે વિનંતી કરેલી છે.

(૭) ત્યારબાદ આ કેસમાં સામાવાળા સરકારશ્રી તરફથી વિ.એ.પી.પી.શ્રીએ અરજદારનું મુદ્દામાલ વાહન પરત મેળવવાની માંગણી કરતી બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબની આંક–૧ની અરજીનો સખ્ત વિરોધ કરીને આંક–૬ થી રજુ થયેલ ત.ક.અ.શ્રીના અભિપ્રાય આપતા લેખિત રીપોર્ટમાં જણાવેલ હકીકત પ્રમાણે મુદામાલ વાહન અરજદારને વચગાળાની કસ્ટડીએ પરત સોંપ્યેથી ફરીવાર આ પ્રકારના ગંભીર ગુનામાં સંડોવશે તેવી શકયતા નકારી શકાય તેમ નથી તે અનુસારની પોતાની મૌખિક દલીલો કરીને હાલની આંક–૧ની અરજી નામંજુર/રદ કરવા માટે વિનંતી કરેલી છે.

(૮) હવે આ કેસમાં અરજદારની મુદ્દામાલ વાહન પરત મેળવવાની માંગણી કરતી આંક–૧ની અરજીનો નિર્ણય કરવા માટે અરજદારને મુદ્દામાલ વાહન પરત મેળવવાની અરજીની હકીકતો વંચાણે લીધી તથા અરજદાર તરફથી નિશાની–૪/૧ થી ૪/૫ તળેના રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની હકીકતો પણ ધ્યાનમાં લીધી તથા આંક–૬ થી રજુ થયેલ ત.ક.અ.શ્રીના અભિપ્રાય આપતા લેખિત રીપોર્ટની હકીકતો પણ વંચાણે લીધી તથા રજુ થયેલ પંચનામાની તથા મુદ્દામાલ પાવતીની હકીકતો પણ ધ્યાનમાં લીધી તેમજ બન્ને પક્ષની મૌખિક દલીલો પણ ધ્યાનમાં લીધી.

(૯) અરજદાર તર્ફે આ કામે આંક–૪ના દસ્તાવેજી લીસ્ટ વંચાણે લેતા, નીશાની–૪/૪થી અરજદારે મુદ્દામાલ વાહનની આર.સી.બુકની નકલ વંચાણે લેતા સદર મુદ્દામાલ વાહનના માલિક તરીકે કિશોરભાઇ મીરસીલાલ ગૌર (બ્રાહમણ) એટલે કે હાલના અરજદારનું નામ હોવાનું જણાય છે. તેમજ નિ.૪/૫થી અરજદારના આધારકાર્ડની નકલ રજુ થયેલ છે. આમ ઉકત તમામ દસ્તાવેજી આધારો સમગ્રપણે લક્ષ્યમાં રાખતા હાલના અરજદાર મુદ્દામાલ વાહનના નોંધાયેલા માલિક હોય તેમ જણાય છે. તેમજ આજદિન સુધી અરજદાર સિવાય અન્ય કોઈ દાવેદાર કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલ નથી. વિશેષમાં, **૨૦૦૩(૧) જી.એલ.એચ., પાન નં.૩૦૭ (નામ.સુપ્રિમ કોર્ટ) સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો તથા ઉપરોકત નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાને અનુસરીને નામ.ગુજરાત હાઈકોર્ટના માન. ન્યાય મૂર્તિશ્રી રવિ આર. ત્રિપાઠી અને સોનીયા ગોકાણી સાહેબશ્રી નાઓએ **જીતેન્દ્રકુમાર હેમંતલાલ આશ્વાણી વિ.સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો જે ૨૦૧૫ (૩) કાઈમ્સ પેજ નં.૫૯૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ઉપરોકત બન્ને ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતાં પણ કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલમાં વાહન હોય તેવા સંજોગોમાં, વાહનને પો.સ્ટેશનમાં બિનજરૂરી રીતે લાંબો સમય રાખવા કોઈ રીતે ઉપયોગી નથી અને વાહન તેના રજીસ્ટર્ડ ઓનરને પરત સોંપવા માટે યોગ્ય બોન્ડ અને ગેરંટી લઈ તેમજ સીકયુરીટી લઈ મેજીસ્ટ્રેટે યોગ્ય હુકમ કરવો જોઈએ તેવું ઠરાવેલ છે. એટલું જ નહીં પરંતુ, મુદ્દામાલ વાહન પો.સ્ટેશનમાં બિન–ઉપયોગી હાલતમાં પડી રહે તો તેની ગુણવત્તામાં ઘટાડો થવાનો પણ સંભવ રહેલ છે. તેથી, આ વાહનનો વચગાળાનો કબજો બોન્ડ તથા ગેરંટી લઈ અરજદારને પરત સોંપવો યોગ્ય અને ન્યાયી હોવાનું જણાય છે. તેથી સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદારની મુદ્દામાલ વાહન પરત મેળવવા માટેની આંક–૧ની અરજી ન્યાયના હીતમાં મંજુર કરવી ઉચીત જણાતી હોઈ તેથી છેવટનો હુકમ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

**–// હુકમ //–**

**(૧)** અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

**(૨)** આ કામે અરજદાર કિશોરભાઈ મીરસીલાલ ગૌર (બ્રાહમણ)નાઓને સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારી સમક્ષ મુદ્દામાલ વાહનના માલિકી અંગેના પુરતા દસ્તાવેજો રજુ કરવાના રહેશે. તેમજ સંબંધિત તપાસ કરનાર અધિકારી ધ્વારા દસ્તાવેજોની ખરાઈ કરી મુદ્દામાલ વાહન મહિન્દ્રા કંપનીની સલુન ગાડી જેનો આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન નં.**GJ-08-F-6585** છે, જેનો ચેચીસ નં.**985960** તથા એન્જીન નં.**1185887** છે. જે સને–૨૦૦૭નુ મોડેલ છે, તેની મુદામાલ પાવતીમાં જણાવેલ મુળ કિંમથી દોઢી રકમના જાત મુચરકા તથા જામીન આપ્યેથી આ કેસના આખરી નિકાલ આવતાં સુધી વચગાળાની કસ્ટડી તરીકે નીચેની શરતોએ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદારે આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી મુદ્દાનાલ વાહન કોઈને માલીકી હકક કે કોઈપણ રીતે તબદીલ કરવું નહી.

(૨) અરજદારે મુદ્દામાલ વાહન કોઈ ગુનાહીત કે ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં વાપરવું નહીં.

(૩) અરજદારે મુદ્દામાલ વાહનના દેખાવમાં કાયમી ફેરફાર થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

(૪) અરજદારે મુદ્દામાલ વાહનના ચાર અલગ અલગ એંગલથી પોસ્ટ કાર્ડ સાઈઝના નંબર દેખાય તે મુજબના ફોટોગ્રાફસ રજુ કરવા.

(૫) અરજદારે મુદ્દામાલ વાહન અદાલત જયારે અને જયાં મંગાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનું રહેશે.

(૬) અરજદારે જામીન તેમજ બોન્ડ સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા.

– હુકમની ચાદી સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજ તારીખ–તેરમી, માહે–માર્ચ, સને–બે હજાર છવ્વીસના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર.
તા.૧૩/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઈ પટેલ)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩

/THAKER/